## FORM -A

IN THE COURT OF

**The Hon'ble Sp. Judge (POCSO) & 3rd Addl. Session Judge, Bhavnagar.**

Date of The Judgement: 07/04/2026

**Sp. (POCSO) Case No.38/2025**

Details of F. I.R /Crime and Police Station.
વલ્લભીપુર પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૬૫૨૫૦૧૪૦/૨૦૨૫
તા : ૨૮/૦૩/૨૦૨૫

ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૭૫, ૩૫૨, ૩૫૧(૩) તથા પોકસો એકટ–૨૦૧૨ ની કલમ ૮, ૧૨, ૧૭.

| | |
|---|---|
| Complainant | સ્ટેટ ઓફ ગુજરાત. |
| REPRESENTED BY | વિ.એ.પી.પી. શ્રી જી.પી.જાડેજા. |
| ACCUSED | (૧) દિનેશભાઈ બાબુભાઈ વાઘેલા,<br>(૨) હરેશભાઈ બાબુભાઈ વાઘેલા, |
| REPRESENTED BY | આરોપીઓ તરફે વિ.વ. શ્રી ડી.કે.પરમાર |

## FORM -B

| | |
|---|---|
| Date of Offence | તા.૨૫/૦૩/૨૦૨૫ ના કલાક ૧૩–૩૦ ના અરસામાં |
| Date of F.I.R | તા.૨૭/૦૩/૨૦૨૫ ના કલાક ૧૬–૧૫ |
| Date of Chargesheet | તા: ૧૪/૦૫/૨૦૨૫ |
| Date of Framing of Charges | તા: ૧૬/૦૨/૨૦૨૬ |
| Date of commencement of evidence | તા: ૧૩/૦૩/૨૦૨૬ |
| Date of which judgment is reserved | તા: ૦૪/૦૪/૨૦૨૬ |
| Date of the Judgment | તા: ૦૭/૦૪/૨૦૨૬ |
| Date of the Sentencing Order, if any | NA |

# Accused Details.

| Rank of the accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428 Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | દિનેશભાઈ બાબુભાઈ વાઘેલા | ૨૭/૦૩/૨૦૨૪ | ૦૫/૦૫/૨૦૨૫ | ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૭૫, ૩૫૨, ૩૫૧(૩) તથા પોકસો એકટ–૨૦૧૨ ની કલમ ૮, ૧૨, ૧૭ | Acquitted | NA | NA |
| ૨. | હરેશભાઈ બાબુભાઈ વાઘેલા | ૨૭/૦૩/૨૦૨૪ | ૧૯/૦૪/૨૦૨૫ | | Acquitted | NA | NA |

## FORM-C

## LIST OF PROSECUTION / DEFFENCE/ COURT WITNESSES

## A. Prosecution.

| RANK | NAME | | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESSE, MEDICAL WITNESSE, PUNCH WITNESSE, OTHER WITNESSE |
|---|---|---|---|
| PW1 | ભોગ બનનારની માતા/ફરિયાદી. | આંક–૦૯ | ફરિયાદી |
| PW2 | ભોગ બનનાર. | આંક–૧૧ | ભોગ બનનાર. |
| PW3 | કિશોરભાઈ જીતુભાઈ વાઘેલા. | આંક–૨૩ | સાહેદ. |
| PW4 | હરપાલસિંહ બળવંતસિંહ ચૌહાણ. | આંક–૨૭ | ત.ક.અ. |

## B. Defence Witnesses , if any: None.

## C. Court Witnesses If any : None.

## LIST OF PROSECUTION /DEFFENCE / COURT EXIHIBITS.

## A. Prosecution.

| Sr. No. | Exihibit Number | Description |
|---|---|---|
| 1. | આંક–૧૦ | ફરિયાદ. |

| | | |
|---|---|---|
| 2. | આંક–૧૨ | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન. |
| 3. | આંક–૧૩ | ભોગ બનનારનો જન્મ તારીખનો દાખલો કાઢી આપવા કરેલ યાદી. |
| 4. | આંક–૧૪ | ભોગ બનનારનું જન્મનું પ્રમાણ પત્ર. |
| 5. | આંક–૧૫ | જન્મ–મરણ રજીસ્ટરના ઉતારાની નકલ. |
| 6. | આંક–૧૭ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું. |
| 7. | આંક–૧૮ | ભારતીય સક્ષ્ય અધિનિયમ કલમ ૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ. |
| 8. | આંક–૨૮ | સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ. |
| 9. | આંક–૨૯ | નિવેદન લેવા માટે કરેલ યાદી. |
| 10. | આંક–૩૦ | નિવેદનની નકલ મેળવવા કરેલ યાદી. |
| 11. | આંક–૩૧ | ભારતીય સક્ષ્ય અધિનિયમ કલમ ૬૩ મુજબનું સર્ટીફીકેટ |

**B. Defence. : None.**

**C. Court Exihibits. : None.**

**D. Material Objects.**

| Sr. No. | Material Number | Description |
|---|---|---|
| | – | |

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૪/૦૫/૨૦૨૫ |
| રજિસ્ટર તારીખ | ૧૪/૦૫/૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૦ ૧૦ ૨૪ |

**આંક–** ૩૩

---

**મહે. સ્પેશ્યલ જજ (પોકસો) અને ત્રીજા એડી. સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મું. ભાવનગર**

---

**સ્પે. (પોકસો) કેસ નં.૩૮/૨૦૨૫**

---

**ફરીયાદી** :– **શ્રી સરકાર**

વિરુદ્ધ

**આરોપીઓ** :–

(૧) **દિનેશભાઈ બાબુભાઈ વાઘેલા,**
ઉ.વ.૩૩, ધંધો–મજુરી,

(૨) **હરેશભાઈ બાબુભાઈ વાઘેલા,**
ઉ.વ.૨૮, ધંધો–મજુરી,
બંન્ને રહે. બસ સ્ટેન્ડ પાસે, પ્લોટ વિસ્તાર,
ચમારડી, તા.વલ્લભીપુર, જી.ભાવનગર.

---

**ગુન્હો:–** ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫, ૩૫૨, ૩૫૧(૩) તથા પોકસો એકટ–૨૦૧૨ ની કલમ ૮, ૧૨, ૧૭ મુજબ.

---

ફરીયાદપક્ષ તરફે : વિધ્વાન એ.પી.પી. શ્રી જી.પી.જાડેજા
આરોપી તરફે : વિધ્વાન વ. શ્રી ડી.કે.પરમાર.

---

**:: જજમેન્ટ ::**

(૧) નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા **2018 (0) AIJEL - SC**

**63179 "Nipun Saxena Vs. Union Of India"** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, ''જાતીય સતામણીના કિસ્સાઓમાં ભોગ બનનારની ગરીમા જળવાઈ રહે તે હેતુથી તેણીનું નામ ચુકાદામાં પ્રસિધ્ધ કરવુ ન જોઈએ.'' જેથી આ સિધ્ધાંતને આધારે આ અદાલતે આ ચુકાદામાં ભોગ બનનારની ઓળખ છતી ન થાય તે સારુ આ ચુકાદામાં કોઈ જગ્યાએ તેનુ નામ જણાવેલ નથી અને ફકત તેણીનો ભોગબનનાર તરીકે ઉલ્લેખ કરેલ છે.

(૨) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદીની ભોગ બનનાર દિકરી ઉ.વ.૧૩ વર્ષ ૦૬ મહિના અને ૦૩ દિવસ (જન્મ તા.૨૪/૦૯/૨૦૧૧) વાળી સગીર વયની હોવાનું આ કામના આરોપી નં.૧ જાણતા હોવા છતાં, ગઈ તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ફરિયાદીની ભોગ બનનાર દિકરી ચમારડી ગામે વાડીએ એકલી હતી તે વખતે આ કામના આરોપી નં.૧ નાએ પાછળથી આવી, ભોગ બનનારને પાછળથી પકડી, છાતી દબાવી, શરીરે અડપલા કરી, બાવડુ પકડેલ અને આરોપી નં.૨ નાએ સાહેદ રામદાસભાઈને ફોન કરી સમાધાન કરવા જણાવતા સાહેદે સમાધાનની ના પાડતા, આરોપી નં.૨ નાએ ફોનમાં જે ફાવે તેમ બોલી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આ કામના આરોપીઓએ સદર ગુન્હાહિત કૃત્યમાં એકબીજાને મદદગારી કરી, જાતીય સતામણી કરી, આ કામના આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૭૫, ૩૫૨, ૩૫૧(૩) તથા પોકસો એકટ–૨૦૧૨ ની કલમ ૮, ૧૨, ૧૭ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા કરેલ હોવાના આરોપી સામે આક્ષેપ છે.

(૩) સદરહુ કામની ફરીયાદ ફરીયાદીએ વલ્લભીપુર પોલીસ સ્ટેશનમાં આપતા તે અંગે સદર પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૬૫૨૫૦૧૪૦/૨૦૨૫ થી ગુન્હો દાખલ કરવામાં આવેલો. ત્યારબાદ,

તપાસ કરનાર અધિકારી ધ્વારા આ ગુન્હાની તપાસ હાથ ધરી, તપાસ દરમ્યાન ચાર્જશીટમાં દર્શાવેલ ઉપરોકત આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫, ૩૫૨, ૩૫૧(૩) તથા પોકસો એકટ–૨૦૧૨ ની કલમ ૮, ૧૨, ૧૭ મુજબનો ગુન્હો બનવા પામતો હોઈ, આરોપીઓને અટક કરી, તેમની વિરૂઘ્ધ પુરતા પુરાવા મળી આવતાં, ત.ક.અ.શ્રીએ આ કામનું ચાર્જશીટ રજુ કરતા, ત્યારબાદ આ કેસને સ્પેશ્યલ (પોકસો) કેસ નંબર–૩૮/૨૦૨૫ થી રજીસ્ટરે લીધા બાદ આરોપીઓ સામેના સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માટે આ કેસ નામદાર મુખ્ય જીલ્લા ન્યાયાધીશ ધ્વારા આ કોર્ટને મોકલી આપવામાં આવેલ.

(૪) સદરહુ કેસ ઈન્સાફી કાર્યવાહી માટે કોર્ટ સમક્ષ આવતાં આરોપીઓને સમન્સ કરવામાં આવતાં, તે તેના વકીલશ્રી સાથે હાજર થતાં, તેને ચાર્જશીટની નકલો મળી ગયા બાબતની ખાતરી કર્યા બાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓના વકીલશ્રીને સાંભળ્યા બાદ આરોપીઓ વિરૂઘ્ધ આંક–૦૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫, ૩૫૨, ૩૫૧(૩) તથા પોકસો એકટ–૨૦૧૨ ની કલમ ૮, ૧૨, ૧૭ મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ અને તે તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી સમજાવ્યા બાદ, તે તહોમતનામા બાબતે આરોપીઓની અનુક્રમે આંક–૦૬ અને આંક–૦૭ લગત પ્લી રેકર્ડ કરતાં, આરોપીઓએ ગુન્હો કબુલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવો છે, તેમ જણાવતા સદર આરોપીઓ સામે આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં ઉપરોકત ફોર્મ–'સી' માં જણાવ્યા મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે તથા આંક–૩૨ થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ

છે.

(૬) આ કામે ફરીયાદપક્ષે પુરાવો પુર્ણ થયા બાદ આ કામના આરોપીનો રેકર્ડ ઉપર આવેલ પુરાવા અન્વયે બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વધારાનો જવાબ નોંધવામાં આવતા, આરોપીએ ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે તથા આરોપીએ તેમને બચાવના સાક્ષી તપાસવા નથી કે જાતે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેવું જણાવેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને સદર ગુન્હા અંગે તેઓ કશુ જાણતા નથી અને તેઓને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે તેથી નિર્દોષ છોડી મુકવા વિનંતી કરેલ છે. ત્યારબાદ આ કેસ આખરી દલીલોની સુનાવણી માટે રાખવામાં આવેલ છે.

(૭) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા દ્ઘારા રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ તર્ફે સોગંદ ઉપર તપાસવામાં આવેલ ભોગ બનનારના માતા/ફરિયાદી તથા ભોગ બનનારની જુબાની થકી તથા આ કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ સ્વતંત્ર સાહેદના પુરાવા થકી તથા તપાસ કરનાર અધિકારીની જુબાની થકી તથા રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ પરથી આ કામના આરોપીઓ સામે આંક–૦૫ થી ફરમાવવામાં આવેલ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫, ૩૫૨, ૩૫૧(૩) તથા પોકસો એકટ–૨૦૧૨ ની કલમ ૮, ૧૨, ૧૭ મુજબનું તહોમત ફરિયાદપક્ષ તર્ફે નિ:શંકપણે પુરવાર કરવામાં આવેલ છે. તેમજ સદર ગુન્હાના કામે ભોગ બનનાર સગીર વયની હોવાની હકીકત પણ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ થયેલ છે. તે તમામ સંજોગોમાં, આ કામના આરોપીઓને આક્ષેપિત ગુન્હા અંગે તકસીરવાન ઠરાવી મહત્તમ સજા કરવા રજુઆત કરવામાં આવેલ છે.

(૮) આ કામે આરોપીઓ તરફે વિ.વ.શ્રી ડી.કે.પરમાર દ્ઘારા રેકર્ડ

આધારે રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષે જે મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે તેના પરથી જ ભોગ બનનારની ઉંમર તથા જન્મ તારીખ અંગે વિરોધાભાસી પુરાવો રેકર્ડ પર આવેલ છે. તેમજ આ કામે ફરિયાદપક્ષ તર્ફે ભોગ બનનારની જન્મ તારીખ અંગે રજુ કરવામાં આવેલ જન્મના પ્રમાણપત્રની હકીકત પુરવાર કરવા માટે સંબંધિત કચેરીના કર્મચારી કે અધિકારીને આ કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી. તે તમામ સંજોગોમાં, આ કોર્ટે ભોગ બનનારની ઉંમર અંગે ફરિયાદપક્ષના કેસની વિરુધ્ધમાં અનુમાન કરવાનું રહે છે. તેમજ આ કામે ભોગ બનનારના માતા તથા એક સ્વતંત્ર સાહેદે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસની હકીકતોને લેષમાત્ર સમર્થન કરેલ નથી. તેમજ આ કામે મહત્વના સાહેદ એવા ભોગ બનનારના પુરાવા થકી આ કામના આરોપી નં.૧ નાએ ભોગ બનનાર વાડીએ એકલી હતી ત્યારે પાછળથી આવી ભોગ બનનારને પાછળથી પકડી છાતી દબાવી શરીરે અડપલા કરેલ હોય કે બાવડુ પકડેલ હોય કે જાતીય સતામણી કરેલ હોય કે આરોપી નં.૨ નાએ સાહેદ રામદાસભાઈને ફોન કરી સમાધાન કરવા જણાવી અને સમાધાનની ના પાડતા ફોનમાં ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય, તેવી કોઈ હકીકતોને ખુદ ભોગ બનનારની જુબાની થકી લેષમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ નથી. આમ, આ કામના આરોપીઓને સદર ગુન્હા સાથે સાંકળી શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં, આ કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ તપાસ કરનાર અધિકારી ધ્વારા તેઓની જુબાનીમાં સદર ગુન્હાના કામે તેઓની ફરજ દરમિયાન કરેલ કાર્યવાહી અંગે જણાવેલ છે. પરંતુ, જયારે આ કામે મહત્વના સાહેદોના પુરાવા થકી ફરિયાદપક્ષના કેસની મહત્વની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ ન હોય ત્યારે એક માત્ર તપાસ કરનાર અધિકારીના પુરાવા ઉપર આધાર રાખી આ

કામના આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તે તમામ સંજોગોમાં, આ કામના આરોપીઓ ધ્વારા ભોગ બનનારની છાતિ દબાવી, બાવડુ પકડી, હેરાન પરેશાન કરવામાં આવેલ હોય કે જાતીય સતામણી કરેલ હોય કે કોઈ ફોન ઉપર ગાળો આપી, ધાક ધમકી આપવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પરથી સાબિત માની શકાય તેમ નથી. તેમજ આ કામે ભોગ બનનાર સગીર વયની હોવાની હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાથી આ કામના આરોપીઓ ધ્વારા પોકસો એકટ તળેનો કોઈ ગુન્હો કરેલ હોય, તે હકીકત સાબિત થયેલ હોવાનું માની શકાય તેમ નથી. આમ, ફરિયાદપક્ષ આ કામના આરોપીઓ સામે આક્ષેપિત ગુન્હાઓ અંગેનું તહોમત શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આ કામના આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા આરોપીપક્ષે રજુઆત કરવામાં આવેલ છે.

(૯) આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભયપક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>-:: મુદ્દા ::-</u>**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ભોગ બનનાર બનાવ સમયે પોકસો એકટની કલમ ૨(ડી) મુજબ ૧૮ વર્ષથી નીચેની વયની બાળક હતી ?

(૨) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદીની ભોગ બનનાર દિકરી ઉ.વ.૧૩ વર્ષ ૦૬ મહિના અને ૦૩ દિવસ (જન્મ તા.૨૪/૦૯/૨૦૧૧) વાળી સગીર વયની હોવાનું આ કામના આરોપી નં.૧ જાણતા હોવા છતાં, ગઈ તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ફરિયાદીની ભોગ બનનાર

દિકરી ચમારડી ગામે વાડીએ એકલી હતી તે વખતે આ કામના આરોપી નં.૧ નાએ પાછળથી આવી, ભોગ બનનારને પાછળથી પકડી, છાતી દબાવી, શરીરે અડપલા કરી, બાવડુ પકડેલ અને આરોપી નં.૨ નાએ સાહેદ રામદાસભાઈને ફોન કરી સમાધાન કરવા જણાવતા સાહેદે સમાધાનની ના પાડતા, આરોપી નં.૨ નાએ ફોનમાં જે ફાવે તેમ બોલી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આ કામના આરોપીઓએ સદર ગુન્હાહિત કૃત્યમાં એકબીજાને મદદગારી કરી, જાતીય સતામણી કરી, આ કામના આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૭૫, ૩૫૨, ૩૫૧(૩) તથા પોકસો એકટ–૨૦૧૨ ની કલમ ૮, ૧૨, ૧૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૩) શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,
(૨) નકારમાં,
(૩) આખરી હુકમ મુજબ.

**: : કારણો : :**

**મુદ્દા નં. ૧ :–**

**(૧૧)** આરોપી સામે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધીનીયમ, ૨૦૧૨ ના ગુન્હા સબબ કલમ–૨૯ અને ૩૦ માં કેટલાક કાયદાકીય અનુમાનોની જોગવાઈ કરેલ છે. તે નીચે મુજબ છે.

**Section 29 Presumption as to certain offences :-**

Where a person is prosecuted for committing or abetting or attempting to commit any offence under sections 3, 5, 7 and

section 9 of this Act, the Special Court shall presume, that such person has committed or abetted or attempted to commit the offence, as the case may be unless the contrary is proved.

**Section 30 Presumption of cupable mental state :-**

(1) In any prosecution for any offence under this Act which requires a culpable mental state on the part of the accused, the Special Court shall presume the existence of such mental state but it shall be a defence for the accused to prove the fact that he had no such mental state with respect to the act charged as an offence in that prosecution.

(2) For the purposes of this section, a fact is said to be proved only when the Special Court believes it to exist beyond reasonable doubt and not merely when its existence is established by a preponderance of probability.

*Explanation*.--In this section, "culpable mental state" includes intention, motive, knowledge of a fact and the belief in, or reason to believe, a fact.

આમ ઉપરોકત જોગવાઈ ધ્યાનમાં લેવામાં આવે તો જો વિરૂધ્ધનુ સાબીત ન થાય તો સ્પે.કોર્ટ કલમ–૩, ૫, ૭ અને કલમ–૯ હેઠળનો ગુન્હો થયેલ હોવાનુ પુર્વઅનુમાન/માની લેશે તથા આરોપીનું ગુન્હીત માનસ હતુ તેવુ પણ અનુમાન કરશે પરંતુ આરોપીએ એવી હકીકત સાબીત કરવાની રહેશે કે, તહોમતવાળા ગુન્હા સાથે તેઓની માનસીક સ્થિતી સાથે કોઈ સંબંધ નથી તથા આવુ આરોપી પક્ષે માત્ર સંભાવનાની પ્રબળતા દ્રારા નહી પરંતુ હરકોઈ શંકા રહીત સાબીત કરવાનુ રહેશે. તે રીતે આરોપી ઉપર વિરૂધ્ધનું સાબીત કરવાની જવાબદારી છે.

**(૧૨)** સદર કામે આરોપી સામે પોકસો એકટ–૨૦૧૨ ની જોગવાઈ અંગેનો ગુનો હોય પોકસો એકટ–૨૦૧૨ ની કલમ–૨(ડ) મુજબ ૧૮ વર્ષથી નીચેની ઉમરનાને બાળક ગણી શકાય તેવુ જણાવેલ છે. જેથી સદર

કામે પોકસો એકટની જોગવાઈઓ મુજબ ગુનો બને છે કે કેમ ? તે ચોકસાઈ પુર્વક જોવુ જરૂરી બને છે. તે સંજોગોમાં આ કામે ફરીયાદપક્ષ તરફથી સૌ પ્રથમ ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હોવાની હકીકત પુરવાર કરવી જરૂરી છે. આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટનો **"P. Yuvaprakash Vs. State Rep. By Inspector Of Police"** નો ચુકાદો ધ્યાને લેતા તે ચુકાદામાં ઠરાવેલ છે કે, પોકસો એકટની કલમ–૩૪ તથા જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪ સાથે વંચાણે લેતા, જયારે કોઈ વ્યકિતની અથવા પોકસો એકટ હેઠળ ભોગ બનનારની ઉંમર વિશે તકરાર ઉભી થશે, ત્યારે અદાલત જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪ મુજબ પગલા લઈ કાર્યવાહી કરશે. જે ત્રણ દસ્તાવેજોની ઉપર નકકી કરવુ જરૂરી છે. જે નીચે મુજબ છે.

(૧) સ્કુલ તરફથી જન્મનુ પ્રમાણપત્ર અથવા મેટ્રીકયુલેશનની અથવા સબંધીત બોર્ડ તરફથી આપવામાં આવેલ સમકક્ષ પ્રમાણપત્ર, જો ઉપલબ્ધ હોય તો,

(૨) કોર્પોરેશન અથવા મ્યુનીસીપલ બોડી અથવા પંચાયત તરફથી જન્મનુ પ્રમાણપત્ર અથવા,

(૩) અને ઉપરોકત (૧) અને (૨) નાં અભાવે ઓસીફીકેશન ટેસ્ટથી ઉંમર નકકી કરવી અથવા કમીટી અથવા બોર્ડના હુકમથી કોઈ આધુનીક મેડીકલ તકનીકથી ઉંમર નકકી કરવી.

જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪(૨)(૩) મુજબ સ્પષ્ટ થાય છે કે, સ્કુલ અથવા મેટ્રીકયુલેશન, અથવા બોર્ડ તરફથી આપવામાં આવેલ સમકક્ષ જન્મના પ્રમાણ પત્રને પ્રથમ મહત્વ આપવુ જોઈએ. તેના અભાવમાં કોર્પોરેશન કે મ્યુનીસીપલ ઓથોરીટી અથવા પંચાયત તરફથી જન્મનું પ્રમાણપત્ર આપવામાં આવેલ હોય તે અને ત્યારબાદ જ તેવા દસ્તાવેજોના અભાવમાં ઓસીફીકેશન ટેસ્ટથી અથવા, કમીટી, બોર્ડ, અથવા

કોર્ટના આદેશ મુજબ આધુનીક મેડિકલ ટેસ્ટ થી ઉંમર નકકી થઈ શકે.

**(૧૩)** આમ, પોકસોના કેસમાં ભોગ બનનારની ઉંમર નકકી કરતી વખતે પ્રથમ ભોગ બનનારનુ બોર્ડનુ શાળા છોડયાનુ પ્રમાણપત્ર ધ્યાને લેવુ જોઈએ તેની ગેરહાજરીમાં ભોગ બનનારનો જન્મનો દાખલો અને જન્મના દાખલાની ગેરહાજરીમાં ઓસીફીકેશન ટેસ્ટનો આધાર લઈ શકાય. હાલના કામે ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને રાખી ફરીયાદપક્ષના કેસમાં પડેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરિયાદપક્ષ તર્ફે આંક-૧૩ થી ભોગ બનનારનો જન્મનું પ્રમાણપત્ર મોકલાવ્યા અંગેની યાદી, આંક-૧૪ થી ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર તથા આંક-૧૫ થી જન્મ-મરણ રજીસ્ટરના ઉતારાની નકલ રજુ કરવામાં આવેલ છે. જે આંક-૧૪ વાળુ જન્મનું પ્રમાણપત્ર તથા આંક-૧૫ વાળું રજીસ્ટર ધ્યાને લેવામાં આવે તો તેમાં ભોગ બનનારની જન્મ તારીખ ૨૪/૦૯/૨૦૧૧ દર્શાવવામાં આવેલ છે. પરંતુ, સદર આંક-૧૪ વાળા પ્રમાણપત્રમાં તથા આંક-૧૫ વાળા રજીસ્ટરમાં દર્શાવેલ ભોગ બનનારની જન્મ તારીખ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તર્ફે સદર જન્મનું પ્રમાણપત્ર ઈસ્યુ કરનાર સંબંધિત કચેરીના કોઈ જવાબદાર કર્મચારી કે અધિકારીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી. તેમજ ભોગ બનનારની સદર આંક-૧૪ થી રજુ જન્મના પ્રમાણપત્રમાં દર્શાવ્યા મુજબની જન્મ તારીખ કયા આધારે નોંધવામાં આવેલી તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર સ્પષ્ટ થતી નથી. તે તમામ સંજોગોમાં, ફરિયાદપક્ષ તર્ફે સદર આંક-૧૪ વાળા દસ્તાવેજની હકીકતો તથા તે દસ્તાવેજમાં લખેલ ભોગ બનનારની જન્મ તારીખનું સ્ત્રોત આ કેસમાં રેકર્ડ પર સાબિત કરવામાં આવેલ નથી. વધુમાં, ભોગ બનનારના માતા/ફરિયાદીની આંક-૦૯ ની જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં ભોગ બનનારની જન્મ તારીખ તેઓને યાદ નહીં હોવાનું જણાવેલ છે અને તેઓએ તેમની ભોગ

બનનાર દિકરીના જન્મનો આધાર આપેલ નહીં હોવાનું ઉલટતપાસમાં સ્વીકારેલ છે. તેમજ ભોગ બનનારે તેની આંક–૧૧ ની જુબાનીમાં તેની જન્મ તારીખ તેને યાદ નહીં હોવાનું અને તેની માતાએ જન્મ તારીખ અંદાજીત લખાવેલ હોવાનું જણાવેલ છે. આમ, આ કામે ફરિયાદપક્ષ તર્ફે સોગંદ ઉપર તપાસવામાં આવેલ મહત્વના સાહેદો એવા ભોગ બનનાર તથા ભોગ બનનારના માતા/ફરિયાદીની જુબાની થકી પણ ભોગ બનનારની ચોકકસ જન્મ તારીખ રેકર્ડ ઉપર આવતી નથી. તે તમામ સંજોગોમાં, ફરિયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવા પરથી, ભોગ બનનાર સદર બનાવ વખતે સગીર વયના હતા, તે હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. આમ, કહેવાતા બનાવ સમયે આ કામના ભોગ બનનાર સગીર વયની બાળકી હોય તે હકીકત ફરિયાદપક્ષ નિ:શંકપણે રેકર્ડ પરથી સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૧ નો જવાબ ''**નકાર**'' માં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨ :–**

**(૧૪)** આમ, આરોપી સામે આક્ષેપિત ગુન્હાઓની જોગવાઈઓના આધારે આ કામે મુદ્દા નં.૨ ના સંદર્ભમાં ફરિયાદપક્ષ તર્ફે રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરિયાદપક્ષ તર્ફે આંક–૦૯ થી ભોગ બનનારની માતાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદની જુબાની લક્ષમાં લેવામાં આવે તો તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદમાં તેના અંગુઠાનું નિશાન ઓળખી બતાવી આંક–૧૦ થી રજુ કરેલ છે અને તે સિવાય તેઓ તેમની સરતપાસમાં ફરિયાદપક્ષના કેસ મુજબનો કોઈ બનાવ બનેલ નહીં હોવાનું જણાવતા હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી સદર બંન્ને સાહેદોને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા

છતાં, ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક લેષમાત્ર પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. એથીવિશેષ, ભોગ બનનારના માતા/ફરિયાદીની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ હકીકતો ધ્યાને લેવામાં આવે તો એ હકીકત સ્પષ્ટ થાય છે કે, પોલીસે તૈયાર કાગળમાં અંગુઠો કરવાનું કહેતા તેઓએ કરી આપેલ અને બનાવની કોઈ હકીકત તેણે પોલીસને લખાવેલ નથી. તે તમામ સંજોગોમાં, ફરિયાદપક્ષ આ કામના ભોગ બનનારની માતા/ફરિયાદીની જુબાની થકી આંક-૧૦ વાળી ફરિયાદ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે અને આંક-૧૦ વાળી ફરિયાદ શંકાસ્પદ જણાય છે. વધુમાં, ભોગ બનનારની માતા/ફરિયાદીની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમો તેઓએ સ્વીકારેલ હકીકતો ધ્યાને લેતાં, એ હકીકત સ્પષ્ટ થાય છે કે, દિનેશભાઈના ભાઈ હરેશભાઈએ ફોન કરીને સમાધાન કરવાની ધમકી કે ગાળો આપેલ હોય તેવું બનેલ નથી. આ ઉપરાંત, એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, તેની ભોગ બનનાર દિકરીને દિનેશે કોઈ છાતી દબાવી કે અડપલા કરેલ હોય કે બાવડુ પકડી ઘસડેલ હોય તેવું બનેલ નથી અને તેના પતિને તથા દિનેશભાઈને બોરની વાડી માટે સામાન્ય બોલાચાલી થયેલી આ સિવાય બનાવની કોઈ હકીકત તેઓએ લખાવેલ નથી કે બનેલ નથી. તે તમામ સંજોગોમાં, આ કામે ફરિયાદપક્ષ તર્ફે સોગંદ ઉપર તપાસવામાં આવેલ ભોગ બનનારના માતા/ફરિયાદીની જુબાની થકી ફરિયાદપક્ષના કેસની હકીકતોને લેષમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ નથી.

**(૧૫)** વધુમાં, આ કામે ફરિયાદપક્ષ તર્ફે આંક-૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ ભોગ બનનારની જુબાનીનું સમગ્રપણે મૂલ્યાંકન કરવામાં આવે તો, ભોગ બનનારે તેમની જુબાનીમાં આ કામે ફરિયાદપક્ષના આક્ષેપ મુજબનો કોઈ બનાવ બનેલ નહીં હોવાની હકીકત સરતપાસમાં જણાવેલ

છે અને તે સિવાય ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક લેક્ષમાત્ર પુરાવો રજુ રાખતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં, ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી અને માત્ર આંક–૧૨ વાળા બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબના નિવેદનમાં તેની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં, ભોગ બનનારની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં ભોગ બનનારે સ્વીકારેલ હકીકતો ધ્યાને લેતાં, એ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે કે, તેને તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા તેણે સહી કરેલ અને બનાવની કોઈ હકીકત તેણે પોલીસને લખાવેલ નથી. વધુમાં, ભોગ બનનારની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેણીએ સ્વીકારેલ હકીકતો ધ્યાને લેતાં, એ હકીકત પણ રેકર્ડ પર સ્પષ્ટ થાય છે કે, દિનેશે તેને પકડીને છાતી દબાવી કે શારીરિક અડપલા કરેલ નહીં કે બાવડુ પકડેલ નહીં કે તેના પિતાને હરેશે સમાધાન કરવા માટે ફોન કરી ગાળો આપી, મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નહીં. વધુમાં, ભોગ બનનારની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ થકી એ હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે કે, તેના પિતા તથા દિનેશભાઈને બોરની વાડી બાબતે ઝઘડો થતાં તે અંગેની ફરિયાદ તેની માતાએ આપેલી અને ફરિયાદ અંગે તેણે કોઈ પોલીસને નિવેદન લખાવેલ નથી. તે તમામ સંજોગોમાં, ફરિયાદપક્ષના કેસ મુજબ આ કામના ભોગ બનનાર સગીર વયની હોવાનું આરોપી નં.૧ જાણતા હોવા છતાં, ગઈ તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ફરિયાદીની ભોગ બનનાર દિકરી ચમારડી ગામે વાડીએ એકલી હતી તે વખતે આ કામના આરોપી નં.૧ નાએ પાછળથી આવી, ભોગ બનનારને પાછળથી પકડી, છાતી દબાવી, શરીરે અડપલા કરી, બાવડુ પકડેલ અને આરોપી નં.૨ નાએ સાહેદ

રામદાસભાઈને ફોન કરી સમાધાન કરવા જણાવતા સાહેદે સમાધાનની ના પાડતા, આરોપી નં.૨ નાએ ફોનમાં જે ફાવે તેમ બોલી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આ કામના આરોપીઓએ સદર ગુન્હાહિત કૃત્યમાં એકબીજાને મદદગારી કરી, જાતીય સતામણી કરેલ હોય, તેવી કોઈ હકીકતને આ કામે મહત્વના એવા ખુદ ભોગ બનનારની જુબાની થકી લેષમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ નથી.

**(૧૬)** વધુમાં, આ કામે ફરીયાદપક્ષે ભોગ બનનારની વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ દરમિયાન આંક-૧૨ થી ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ અન્વયેનું નિવેદન રજુ કરવામાં આવેલ છે. પરંતુ, આ કામે ભોગ બનનારે તેની સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસની હકીકતોને લેષમાત્ર સમર્થન કરેલ નથી. તેમજ આંક-૧૨ ના બી.એન.એસ.એસ.ની. કલમ-૧૮૩ મુજબના નિવેદન અંગે ભોગ બનનારની ઉપરોકત ચર્ચા કર્યા મુજબની જુબાની ધ્યાને લેતાં, ભોગ બનનારે પોતે તેની સોગંદ ઉપરની જુબાનીમાં ઉલટતપાસમાં પોલીસના શીખવાડયા મુજબનું કોર્ટમાં નિવેદન લખાવેલ હોવાનું સ્વીકારેલ છે. તે તમામ સંજોગોમાં, ભોગ બનનારની જુબાની થકી ભોગ બનનારના બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબના નિવેદનની હકીકતને લેષમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ નથી. તેમજ આ સદંર્ભે નામદાર સુપ્રિમ કોર્ટના 1971 (0) AIJEL - SC - 23102 "Ram Kishan Singh Vs. Harmit Kaur" ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો, સી.આર.પી.સી. કલમ-૧૬૪ નું નીવેદન મુખ્ય (substantive) પુરાવો ન ગણાય અને આવુ નીવેદન માત્ર સમર્થનકારક પુરાવો છે તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે. તે તમામ સંજોગોમાં આ કોર્ટને ભોગ બનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનુ નીવેદન

કે જે સબસ્ટેન્ટીવ એવીડન્સ નથી, તેને ભોગ બનનારની જુબાનીના સમર્થનમાં કે ફરીયાદપક્ષના કેસની તરફેણમાં ધ્યાને લેવાનુ ઉચીત જણાતુ નથી.

(૧૭) વધુમાં, આ કામે ફરિયાદપક્ષ તર્ફે આંક–૨૩ થી સાહેદ કિશોરભાઈ જીતુભાઈ વાઘેલા કે જે ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવના નજરે જોનાર સાહેદ છે તેઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસની હકીકત તથા સદર બનાવ અંગે સદંતર અજ્ઞાનતા દર્શાવેલ છે. તેમજ તે બપોરના મોટરસાયકલ લઈને ભોગ બનનારના પિતાની વાડીએ બોર લેવા ગયેલ તે વખતે તેમની ભોગ બનનાર દિકરી હાજર હોય અને દિનેશે ભોગ બનનારનું બાવડુ પકડેલ હોય તેવું બનેલ નહીં હોવાનું જણાવેલ છે અને આ બનાવની વાત દિનેશભાઈના ભાઈએ ભોગ બનનારના પિતાને કરેલ હોય અને ગાળો આપી ધમકી આપેલ હોય તેવું પણ બનેલ નહીં હોવાનું જણાવેલ છે. વધુમાં, સદર સાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક પુરાવો રજુ રાખતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી સદર સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં, ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક લેષમાત્ર પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમાં, સદર સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ હકીકતો ધ્યાને લેતાં, એ હકીકત સ્પષ્ટ થાય છે કે, સદર સાહેદને માત્ર નામ ઉંમર પુછેલ તે તેણે લખાવેલ આ સિવાય બનાવની કોઈ હકીકત તેણે લખાવેલ નથી. તેમજ બનાવ તેઓએ નજરે જોયેલ નથી. આમ, આ કામે મહત્વના એવા બનાવ સમયે સ્થળ ઉપર આવી ગયેલ બનાવના નજરે જોનાર સાહેદના પુરાવા થકી પણ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

(૧૮) વધુમાં, આ કામે ફરિયાદપક્ષ તર્ફે આંક–૨૭ થી હરપાલસિંહ બળવંતસિંહ ચૌહાણને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ તેઓ વલ્લભીપુર પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. તરીકે નોકરી કરતા હતા તે વખતે ફરિયાદીએ તેના રુબરુમાં ફરિયાદ આપેલ જે ફરિયાદ તેમના રુબરુ ફરિયાદીના લખાવ્યા મુજબ લખી લઈ, ગુનો દાખલ કરવા પી.એસ.ઓ.ને આપેલ અને સદર ગુન્હો દાખલ થયા બાદ આગળની તપાસ તેઓએ જાતેથી સંભાળી લીધેલી. વધુમાં, જણાવેલ છે કે, તેઓએ ગુન્હો દાખલ થયા બાદ ઉપરી અધિકારીને ફેકસ મેસેજથી જાણ કરી આગળની તપાસ સંભાળી લઈ, ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરી, લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લઈ, આરોપીને ગુનાના કામે પકડી તટસ્થ પંચો રુબરુ આરોપીનું શરીરસ્થિતીનું પંચનામું તથા અટક પંચનામું કરેલ. ત્યારબાદ તેઓએ બે સરકારી પંચો સાથે રાખીને આરોપી બનાવની જગ્યા બતાવવા ઈચ્છતા હોય આરોપી તથા સરકારી પંચો સાથે રાખી બનાવની જગ્યાનું પંચનામું કરેલું. તેઓએ ભોગ બનનારનું બી.એન.એસ.એસ. કલમ ૧૮૩ મુજબનું નિવેદન લેવરાવેલ. ત્યારબાદ ભોગ બનનારના જન્મની ખરાઈ કરવા માટે જન્મનો દાખલો મેળવેલ અને પુરતા પુરાવા હોય આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલ. વધુમાં, ત.ક.અધિકારીએ તેમની જુબાની દરમિયાન આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે. તેમજ સ્ટેશન ડાયરીનો ઉતારો આંક–૨૮ થી રજુ કરેલ છે. તેમજ આંક–૧૩ વાળી જન્મના દાખલા માટેની યાદી તથા આંકઅ૧૪ વાળો ભોગ બનનારનો જન્મનો દાખલો તથા આંક–૧૫ વાળુ જન્મ–મરણ રજીસ્ટરના ઉતારાની નકલ, આંક–૧૬ વાળી સરકારી પંચો ફાળવવા માટેની યાદી તથા આંક–૧૭ વાળુ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૧૮ વાળુ

ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ ઓળખી બતાવેલ છે. તેમજ આંક–૨૯ થી વલ્લભીપુર કોર્ટને નિવેદન લેવા કરેલ યાદી તથા આંક–૩૦ થી નિવેદનની નકલ મેળવવા કરેલ યાદી તથા આંક–૩૧ થી ભારતીય સાક્ષ્ય અધિનિયમ કલમ–૬૩ મુજબનું સર્ટીફીકેટ રજુ કરેલ છે. ત્યારબાદ સદર ત.ક.અધિકારીની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સદર ગુન્હાની ફરિયાદ પણ તેઓએ લીધેલ અને તપાસ પણ તેણે જ કરેલ છે. વધુમાં, એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ફરિયાદ બે દિવસ મોડી દાખલ કરવામાં આવેલ છે. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ ભાવનગર–વલ્લભીપુર હાઈવે છે અને સતત માણસોની અવર–જવર હોય છે અને ફરિયાદી અને આરોપીઓની બોરની વાડી બાજુબાજુમાં આવેલ છે અને ફરિયાદી અને આરોપી એક જ જ્ઞાતિના છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ફરિયાદીનું કોઈ વિશેષ નિવેદન લીધેલ નથી. આમ, સદર ત.ક.અધિકારીના સોગંદ ઉપરના પુરાવાનું સમગ્રપણે મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓએ સદર ગુન્હાના કામે કરેલ કાર્યવાહી અંગે વિગતવાર તેમની જુબાનીમાં જણાવેલ છે. પરંતુ, આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ, જયારે ફરિયાદી/ભોગ બનનાર માતા તથા ખુદ ભોગ બનનારની જુબાની થકી ફરિયાદપક્ષના કેસ મુજબનો કોઈ બનાવ બનેલ હોવાની હકીકતને તથા આંક–૧૦ વાળી ફરિયાદ હકીકતને લેષમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ ન હોય, તેમજ આ કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ બનાવ વખતે સ્થળ પર આવી ગયેલ સાહેદ કે જે આ કામે એક માત્ર સ્વતંત્ર અને બનાવના નજરે જોનાર સાહેદ છે તેઓની જુબાની થકી પણ આ કામના આરોપીઓએ આક્ષેપિત ગુન્હો આચરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી ન હોય, તેમજ આ કામે રજુ પંચનામાઓ અંગે પંચ સાહેદોને સોગંદ

ઉપર તપાસી પંચનામાઓની હકીકતો પુરવાર કરવામાં આવેલ ન હોય, તેમજ આ કામે રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ અન્ય દસ્તાવેજી પુરાવાઓ થકી પણ આ કામના આરોપીઓને સદર ગુન્હા સાથે સાંકળી શકાય તેવી કોઈ સબળ હકીકત રેકર્ડ ઉપર આવતી ન હોય, ત્યારે એક માત્ર તપાસ કરનાર અધિકારીની જુબાની ઉપર આધાર રાખી આ કામના આરોપીઓને સદર ગુન્હાના કામે તકસીવાન ઠરાવી શકાય નહીં.

**(૧૯)** આમ, આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામે ભોગ બનનાર સગીર વયની હોવા અંગેની હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ નથી અને મુદ્દા નં.ર ના સંદર્ભમાં આ કામે રેકર્ડ ઉપરના સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા ફરિયાદપક્ષના કેસની હકીકતો અને સંજોગો તથા બંન્ને પક્ષોની રજુઆતો ઘ્યાને લેતાં, આ કામે મહત્વના એવા ભોગ બનનાર તથા ભોગ બનનારના માતા/ફરિયાદીની જુબાની લક્ષમાં લેવામાં આવે તો તેઓના પુરાવા થકી ફરિયાદપક્ષના કેસની મહત્વની હકીકતોને કે આંક-૧૦ વાળી ફરિયાદ હકીકતને લેષમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ નથી અને તેઓ ફરી ગયેલા જાહેર થયેલ છે. તેમજ ભોગ બનનારના માતાએ બનાવ નજરે જોયેલ નથી. તેમજ આ કામના ભોગ બનનારે તેઓને બનાવ અંગેની કોઈ વાત કરેલ હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવતી નથી. તેમજ આ કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ બનાવ વખતે સ્થળ પર આવી ગયેલ સાહેદ કે જે આ કામે એક માત્ર સ્વતંત્ર અને બનાવના નજરે જોનાર સાહેદ છે તેઓની જુબાની થકી પણ આ કામના આરોપીઓએ આક્ષેપિત ગુન્હો આચરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. તેમજ આ કામે રજુ પંચનામાઓ અંગે પંચ સાહેદોને સોગંદ ઉપર તપાસી પંચનામાઓની હકીકતો પુરવાર કરવામાં આવેલ નથી. આ ઉપરાંત, આ કામે ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનું

નિવેદન ફરિયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ છે પરંતુ ભોગ બનનારે તેની જુબાનીમાં ઉલટતપાસમાં પોલીસના શીખવાડયા મુજબનું કોર્ટમાં નિવેદન લખાવેલ હોવાનું જણાવેલ છે. તેમજ આ કામના આરોપીઓએ આક્ષેપિત ગુન્હાહિત કોઈ કૃત્ય આચરેલ હોય તેવી કોઈ હકીકતને આ કામે ખુદ ભોગ બનનાર તથા તેના માતા/ફરિયાદીની જુબાની થકી લેષમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ નથી. આ તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં, આ કામે આરોપી સામે આંક–૦૫ થી ફરમાવવામાં આવેલ તહોમત મુજબ, આ કામના ફરિયાદીની ભોગ બનનાર દિકરી ઉ.વ.૧૩ વર્ષ ૦૬ મહિના અને ૦૩ દિવસ (જન્મ તા.૨૪/૦૯/૨૦૧૧) વાળી સગીર વયની હોવાનું આ કામના આરોપી નં.૧ જાણતા હોવા છતાં, ગઈ તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ફરિયાદીની ભોગ બનનાર દિકરી ચમારડી ગામે વાડીએ એકલી હતી તે વખતે આ કામના આરોપી નં.૧ નાએ પાછળથી આવી, ભોગ બનનારને પાછળથી પકડી, છાતી દબાવી, શરીરે અડપલા કરી, બાવડુ પકડેલ અને આરોપી નં.ર નાએ સાહેદ રામદાસભાઈને ફોન કરી સમાધાન કરવા જણાવતા સાહેદે સમાધાનની ના પાડતા, આરોપી નં.ર નાએ ફોનમાં જે ફાવે તેમ બોલી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આ કામના આરોપીઓએ સદર ગુન્હાહિત કૃત્યમાં એકબીજાને મદદગારી કરી, જાતીય સતામણી કરી, આ કામના આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૭૫, ૩૫૨, ૩૫૧(૩) તથા પોકસો એકટ–૨૦૧૨ ની કલમ ૮, ૧૨, ૧૭ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ છે.

**(૨૦)** આમ, આગળ ઉપર વિસ્તૃત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૭૫, ૩૫૨, ૩૫૧(૩) તથા પોકસો એકટ–૨૦૧૨ ની કલમ ૮, ૧૨, ૧૭ મુજબના ગુન્હાનું તહોમત

નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે અને આરોપીપક્ષ પોકસો એકટની કલમ ૨૯ અને ૩૦ મુજબના પૂર્વાનુમાનનું ખંડન કરવામાં સફળ રહેલ છે. તેથી **મુદ્દા નં.ર** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે અને **મુદ્દા નં.૩** અન્વયે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

**(૧)** આ કામના આરોપી નં.૧ દિનેશભાઈ બાબુભાઈ વાઘેલા તથા આરોપી નં.ર હરેશભાઈ બાબુભાઈ વાઘેલા, બંન્ને રહે. બસ સ્ટેન્ડ પાસે, પ્લોટ વિસ્તાર, ચમારડી, તા.વલ્લભીપુર, જી.ભાવનગરનાઓને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૭૫, ૩૫૨, ૩૫૧(૩) તથા પોકસો એકટ–૨૦૧૨ ની કલમ ૮, ૧૨, ૧૭ મુજબના ગુન્હા સબબ બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮ અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**(૨)** આ કામના પ્રત્યેક આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૧ મુજબના રૂા.૨૦,૦૦૦/–ના જામીન તથા જાતમુચરકો રજુ કરવો.

આજરોજ તા.૭'મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર
તા.૦૭/૦૪/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
સ્પેશ્યલ જજ(પોકસો) અને
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,ભાવનગર.
UI CODE NO.GJ00693

Bhavik